# પરિશ્રમી પારસ

સુંદરપુર નામે એક ગામ હતું. તે ગામમાં એક અતિ સુંદર–મજાનો ફૂલોથી ઊભરાતો એવો બાગ હતો. તે બાગની માવજત તથા દેખભાળ પારસ નામનો એક છોકરો કરતો હતો.

એક દિવસની વાત છે. પારસ બાગમાં વૃક્ષોને, ફળ–ફૂલોને પાણી પાઈ રહ્યો હતો. આવા સમયે ક્યાંકથી એક હંસ ઘાયલ થતો તે બાગમાં આવી ચડયો. હા, તે હંસની એક પાંખ કપાઈ ગઈ હતી. આથી તે બરોબર ઊડી પણ શકતો નહોતા . આ જોઈ પારસ દોડતો તે હંસ પાસે ગયો અને તેના માથા ઉપર હાથ પસરાવવા લાગ્યો. બાદમાં પારસે તે હંસને પીવા માટે પાણી આપ્યું. **થોડાં** ફળ પણ ખાવા માટે **આપ્યાં**.



આ જોઈ તે હંસની આંખોમાં **સ્નેહનાં** આંસુ ઊભરાઈ **આવ્યાં** બાદમાં હંસે ફળ પણ **ખાદ્યાં** અને પાણી પણ પીધું. ત્યારબાદ તે હંસ બોલ્યો, 'હે છોકરા ! તેં મારી ખૂબ જ સેવા કરી છે. મને હૂંફ આપી, ફળો **આપ્યાં** અને હિંમત આપી. જેના બદલામાં હું તને એક સુવર્ણમોતી **આપું છું**. આમ બોલી હંસે તેના કંઠમાંથી એક સુવર્ણમોતી આપ્યું અને પછી તે પારસને આશીર્વાદ આપતો ત્યાંથી ચાલ્યો ગયો.

હા, તે સુવર્ણ મોતી પણ કેવું ? ચારે તરફ દિવ્ય ઝગારા મારતું સાચું મોતી હતું. હા, ત્યારબાદ પારસે તે મોતીને દ્વારકાધીશના મંદિરમાં દાન કરી દીધું. હા, આનાથી ઉત્તમ સ્થળ કયું હોઈ શકે હેં !

– શૈલેષ રાયચુરા

■